# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૧૨-૦૨-૨૦૨૪ સોમવાર સમય : સાંજે ૬:25 કલાકે

---

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ-ગુજરાત મુલાકાત:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજ થી ગુજરાતની બે દિવસીય મુલાકાતે મોરબીના ટંકારા પહોંચ્યા છે. ટંકારા ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શ્રીમતી મુર્મુનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ શ્રીમતી મુર્મુ આજે ટંકારામાં ચાલી રહેલી મહર્ષિ દયાનંદ સરસ્વતીની 200મી જન્મજયંતિની ઉજવણીમાં ભાગ લઇ રહ્યા છે.

બપોર બાદ, રાષ્ટ્રપતિ સુરત ખાતે સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીના 20મા દિક્ષાંત સમારોહમાં હાજરી આપી અને 28 વિદ્યાર્થીઓને સુવર્ણ ચંદ્રક અર્પણ કર્યા.

આવતીકાલે રાષ્ટ્રપતિ વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર આશ્રમની મુલાકાત લેશે.

- (RNU અમદાવાદ)

---

## પ્ર.મંત્રી નરેન્દ્ર મોદી-રોજગાર મેળો:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે સરકાર નિશ્ચિત સમયમર્યાદામાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવાનો પ્રયાસ કરી રહી છે જેથી દરેકને તેમની ક્ષમતાઓ દર્શાવવાની સમાન તક મળે. પ્રધાનમંત્રી આજે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા રોજગાર મેળા હેઠળ નવા નિમણૂક પામેલા એક લાખથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યા હતા. બાદ તેમણે કહ્યું કે, 2014 થી સરકાર યુવાનોને તેની સાથે જોડવાનો પ્રયાસ કરી રહી છે જેથી તેઓ વિકાસ પ્રક્રિયામાં સહભાગી બને. શ્રી મોદીએ કહ્યું, ભારતમાં હવેત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ છે.

દેશભરમાં આ સાથે 47 સ્થળોએ રોજગાર મેળો યોજાયો હતો. આ પહેલને સમર્થન આપતા કેન્દ્ર સરકારના વિભાગો અને રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભરતી થઈ રહી છે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રીએ નવી દિલ્હી ખાતે સંકલિત સંકુલ કર્મયોગી ભવનના પ્રથમ તબક્કાનો શિલાન્યાસ પણ કર્યો હતો..

- (RNU અમદાવાદ)

---

## પ્ર.મંત્રી શ્રી મોદી-યુ.એ.ઈ. મુલાકાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી UAEની બે દિવસીય સત્તાવાર મુલાકાતે જશે. તેઓ દુબઈમાં યોજાનાર વિશ્વ શિખર સમેલનમાં સન્માનિત અતિથિ તરીકે ભાગ લેશે અને મુખ્ય સંબોધન કરશે.

શ્રી મોદી અબુધાબીમાં પ્રથમ BAPS હિન્દુ મંદિરનું ઉદઘાટન કરશે. તેઓ ઝાયેદ સ્પોર્ટ્સ સિટી ખાતે આયોજિત કાર્યક્રમમાં ભારતીય સમુદાયને સંબોધિત કરશે.

- (RNU અમદાવાદ)

---

## શિક્ષણમંત્રી-શ્રી ડીંડોર:

વિધાનસભામાં આજે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે જણાવ્યું કે, રાજ્યમાં એક જ શિક્ષક વાળી ૧ હજાર ૬૦૬ પ્રાથમિક શાળાઓ છે , જેમાં સત્વરે શિક્ષકો મૂકવામાં આવશે.

તેમણે જણાવ્યું છે કે, પ્રાથમિક શાળાઓમાં ભૂલકાઓનું શિક્ષણ બગડે નહીં એ માટે આવી શાળાઓમાં યોગ્ય લાયકાત ધરાવતા જ્ઞાન સહાયક મુકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સાથોસાથ શાળાઓમાં વધઘટ કેમ્પનું આયોજન કરાય છે.

- (RNU અમદાવાદ)

---

## જીલ્લા પશુપાલન શિબિર:

તાલુકા કક્ષાની પશુપાલન શિબિર ખારોઈ અને રામવાવ તેમજ પૂર્વ કચ્છના ભચાઉ, રાપર ખાતે યોજાઈ હતી. જેમાં વિવિધ યોજનાઓની માહિતી અપાઈ હતી. તાલુકા કક્ષાની બંને શિબિરમાં જીલ્લા પશુપાલન અધિકારી એ માર્ગદર્શન આપ્યું હતું. શિબિરમાં પશુઓના ખાણદાણ, વીમો, બાર પશુઓની યોજના સહિતની માહિતી અપાઈ હતી તેમજ પશુપાલન થાકી ખેતીની આવકમાં વધારો કઈ રીતે કરી શકાય તે અંગે પણ સમાજ આપવામાં આવી હતી.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ટપકેશ્વરી, ખારીનદી-વિકાસકામો:

કચ્છના મુખ્ય મથક ભુજની ભાગોળે આવેલ ઐતિહાસિક સ્થળ ટપકેશ્વરી અને ધાર્મિક સ્થાન ભૂતનાથ મહાદેવ ખારી નદીને વિકસાવવા માટે સરકાર દ્વારા ૨૫ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ટપકેશ્વરીના વિકાસ માટે ૧૫ કરોડ અને ભૂતનાથ

ખરીનાદીના વિકાસ માટે ૧૦ કરોડ મંજુર કરવામાં આવ્યા છે. જેથી આગામી સમયમાં આ બે પવિત્ર સ્થળો કચ્છ જીલ્લાની આગવી ઓળખ બની જશે એવી લોક લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ગાંધીધામ સ્થાપના દિવસ:

આજે ઔદ્યોગિક શહેર ગાંધીધામનો સ્થાપના દિવસ છે . ગાંધીધામ નગરપાલિકા દ્વારા ગાંધીધામના આદ્ય સ્થાપક પૂજ્ય ભાઈપ્રતાપની સમાધી આદિપુર ખાતે પૂજનવિધિ કરવામાં આવી હતી. તેમજ આજે સાંજે વિવિધ કાર્યક્રમો સંસ્થા દ્વારા યોજવામાં આવશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## પૂર્વ કચ્છ-પોલીસ:

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા નો ડ્રગ ઇન કચ્છ, સેફ કચ્છ, ફીટ કચ્છ, સ્માર્ટ કચ્છના સૂત્ર સાથે રાત્રી મેરેથોનના આયોજનના ભાગ રૂપે પ્રાણીઓ માટે પેટાથોન અને ગઈકાલે સાંજે સ્કેટાથોનનું આયોજન કરવામાં આવ્યું હતું.

- (સ્થાનિક સમાચારપત્ર)

---